*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 0100221

# 13(G)

**(JULY, 2018)**
**(New Course)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet. |
| --- |
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.

3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.

4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ દરેક સ્પંદને શું ઈચ્છે છે ?

(A) ઈશ્વરનું સાંનિધ્ય

(B) ઈશ્વરના નામનું રટણ

(C) ઈશ્વરનાં દર્શન

(D) સુખ અને સમૃદ્ધિ

2) 'જીવમાં જીવ આવ્યો' કૃતિમાં શેના દ્વારા સૃષ્ટિ બદલાયેલી લાગે છે ?

(A) પ્રાણીઓના અવાજથી
(B) પક્ષીઓના કલરવથી
(C) માનવસૃષ્ટિના દુઃખથી
(D) વરસાદના આગમનથી

3) ગિરિધરનાં ગુણ, દર્શન થકી શું થાય છે ?

(A) આપણે શ્રીમંત થઈએ છીએ.
(B) આપણાં બધાં દુઃખ દૂર થાય છે.
(C) આપણી ભક્ત તરીકે વાહવાહ થાય છે.
(D) આપણને લોકો પૂજે છે.

4) નીચેના વિધાનોમાં કયું વિધાન 'હાથ મેળવીએ' કાવ્યાંશને બંધબેસતું નથી ?

(A) આપણા હાથમાં કેટલુંયે છે.
(B) આપણા હાથમાં ઉષ્મા અને થડકો છે.
(C) આપણા હાથ સ્વચ્છ અને સુંદર છે.
(D) આપણા હાથ સારું-નઠારું કેટલુંયે કામ કરે છે.

5) 'તે બેસે અહીં' કાવ્ય દ્વારા પોતાનો બીજો હાથ શું જાણવા પામે નહિ ?

(A) દાન
(B) ધર્મ
(C) પ્રેમ
(D) ઝઘડો

6) 'આ બધામાં મને ક્યાં ગોઠવું ?' પંક્તિ દ્વારા કવયિત્રીએ કઈ ભાવના વ્યક્ત કરી છે ?

(A) દીવાનખાનામાં પોતાને માટે જગ્યા નથી.
(B) આધુનિક માણસની એકલતા અને નારી સંવેદના
(C) રાચરચીલું સંબંધની ઉષ્મા આપે છે.
(D) દીવાનખાનામાં પોતાને ગોઠવી શકતા નથી.

7) 'ક્યાં રે વાગી' કાવ્યની કાવ્યનાયિકા પર કાનાની મોરલીની શી અસર થઈ છે ?

(A) સ્તબ્ધ બનાવી દીધી.
(B) મન હરી લીધું.
(C) ભાન ભૂલાવી દીધું.
(D) રાસ રમવા લાગી.

8) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ કોનાં આંસુ લુછવાની વાત કરે છે ?

(A) માતાનાં
(B) બાળકનાં
(C) દીન-દુ:ખિયાનાં
(D) પત્નીનાં

9) 'લાવો તમારો હાથ મેળવીએ' પંક્તિમાં કવિએ હાથને શેનું પ્રતીક બનાવ્યું છે ?

(A) ધન વહેંચવાનું
(B) દાન આપવાનું
(C) કીર્તિ મેળવવાનું
(D) હૃદય ભાવનાનું

10) ''જે બીજાના દુ:ખે દુ:ખી હોય, ગુપ્તદાનનો મહિમા સમજતો હોય અને પ્રગતિની ટોચે પણ નમ્ર હોય તે જ સભામાં બેસવાને લાયક ગણાય'' આવી મનુષ્યની મહિમા પાઠ્યપુસ્તકની કઈ કૃતિમાં બતાવી છે ?

(A) ક્યાં રે વાગી
(B) તે બેસે અહીં
(C) જીવમાં જીવ આવ્યો
(D) દીવાનખાનામાં

11) નીચેનામાંનું કયું કાવ્ય ઊર્મિકાવ્ય પ્રકારનું છે ?

(A) હાથ મેળવીએ
(B) દીવડો
(C) મોરલી
(D) જીવન અંજલિ થાજો

12) મને ઓળખો હું કોણ છું ?

"હું જાપાનીઝ કાવ્ય પ્રકાર છું મારામાં એક ચમત્કૃતિની જેમ ચિત્ર ખડું થતું હોય છે."

(A) મુક્તક (B) લોકગીત

(C) હાઈકુ (D) પદ

13) કેવો માણસ કદી ફુલાતો નથી ?

(A) દંભી (B) પૂર્ણતાવાળો

(C) નિરાશ (D) દુઃખી

14) 'ફોરાં જ્યાં ઝરમર ઝર્યાં ..........' પંક્તિ પૂર્ણ કરો.

(A) ઊજળો રંગ કાઢ્યો. (B) ઘૂઘવ્યાં પૂર આઘાં

(C) રૂપ ખીલ્યું ધરાનું (D) જીવમાં જીવ આવ્યો.

15) 'ક્યાં રે વાગી' કાવ્ય દ્વારા મોરલીને કેવી કહી છે ?

(A) વિજોગણ (B) સુંદર

(C) જાદુઈ (D) મધુર

16) વાર્તાનાયક ટિફિન લઈ માંડવીમાં પ્રવેશે છે ત્યારે અમથીમા શું કરતાં નજરે પડે છે ?

(A) ભજન ગાતા (B) આરતી ઉતારતાં

(C) રોટલા ઘડતાં (D) દૂધ દોહતાં

17) 'પ્રાણનો મિત્ર' પાઠમાં મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈને શી લાગણી થતી ?

(A) તે મજૂરોને ચા-પાણી કરાવતો.

(B) તેને માટે એ સૌથી વધુ દુઃખનો દિવસ બનતો.

(C) તે ત્યાંથી ચાલ્યો જતો.

(D) તેને મજૂરોની દયા આવતી.

18) 'શરણાઈના સૂર' કૃતિમાં કોના વાત્સલ્ય હૃદયની વાત કરવામાં આવી છે ?

(A) ભૂધર મેરાઈ (B) તળશી વેવાઈ

(C) ગવરી (D) રમઝુ મીર

19) માનદ્ સેવા એટલે ........

(A) વેતન લીધા વિના (B) વેતન લઈને

(C) માન-સમ્માન માટે (D) હોદ્દા માટે

20) 'સૂરજ તો બધે જ સરખો' નિબંધ દ્વારા લેખકે શેના બાબતે કટાક્ષ કર્યો છે ?

(A) રજા પડે એટલે માણસ પ્રવાસ જવા વિચારે છે.

(B) પ્રવાસનાં દરેક સ્થળની ખાણી-પીણીની જ વાત કરે, સ્થળની ખાસિયતની નહીં.

(C) પ્રવાસમાં બધાં જ સ્થાન સરખાં હોય છે.

(D) પ્રવાસનું આયોજન કરી, છેવટે ક્યાંય જતા નથી.

21) ''એલા ડોસલા, આવો ભુખાળ ક્યાંથી થયો ? આટલી દાદ લીધી તોય હજી તને ધરપત નથી ?'' - વાક્ય કોણ બોલે છે ? કોને કહે છે ? તે જણાવો.

(A) ભૂધર મેરાઈ - તળશી વેવાઈને (B) ભૂધર મેરાઈ - જાનૈયાઓને

(C) રમઝુ મીર - તળશી વેવાઈને (D) ભૂધર મેરાઈ - રમઝુ મીરને

22) ડૉ. કુરિયનનો જન્મદિન 26 નવેમ્બર કયા દિવસ તરીકે ઉજવાય છે ?

(A) 'સ્ત્રી સશક્તિકરણ દિવસ' તરીકે

(B) 'નેશનલ મિલ્ક ડે' તરીકે

(C) 'ગ્રાહક સુરક્ષા દિન' તરીકે

(D) 'સ્વચ્છતા દિન' તરીકે

23) લેખક વિકાસ શર્મા અને મિત્રોએ દંડ ભર્યાની જે ટિકિટ મળી તેની ફોટોસ્ટેટ નકલ કરી કેમ લઈ લીધી ?

(A) જાતને કાયમ ઢંઢોળવા કે કોઈએ ક્યારેય કશાનોયે બગાડ ન કરવો.

(B) ટિકિટ પાછા રેસ્ટોરાંમાં જાય ત્યારે બતાવવા માટે.

(C) દંડ ભર્યાના પૈસા પાછા ક્યારેય મળી જાય માટે.

(D) આ રેસ્ટોરાંમાં ક્યારેય ન જવું તે યાદ રહે માટે.

24) 'નથી' વાર્તા દ્વારા લેખક મોહમ્મદ માંકડે કઈ વાત રજૂ કરી છે ?

(A) સંતાનનો માતા પ્રત્યેનો પ્રેમ　　(B) માતાનો સ્વાર્થભર્યો પ્રેમ

(C) કંચનમાસીનો પ્રેમ　　(D) માતાનો નિઃસ્વાર્થ પ્રેમ

25) જેઠીબાઈ હાથમાં શું લઈને અધિકારીઓ પાસે ગયા હતાં ?

(A) ત્રિરંગો　　(B) બેનર

(C) સળગતી મશાલ　　(D) કારખાનાંનો વાવટો

26) 'ઝબક જ્યોત' એકાંકીના કેન્દ્રમાં કઈ ઘટના વર્ણવાયેલી છે ?

(A) પિતાની બીક

(B) સ્વાતંત્ર્યસંગ્રામ

(C) પિતાની જોહુકમી

(D) આંદોલનની

27) લેખકના મતે રમાએ કાન્તિને બા પાસેથી કેવી રીતે વાળી લીધો હતો ?

(A) એના અટપટા હિસાબથી-ખૂબીથી

(B) એના પ્રેમથી

(C) એના રુદનથી

(D) એના ચેનચાળાથી

28) વૃદ્ધ સ્ત્રીઓની ડિશમાં વેઈટર કેટલું પીરસતો હતો ?

(A) વધારે પડતું

(B) ઘણું ઓછું

(C) જરાય નહિ

(D) જરૂર પૂરતું

29) દીપકના પિતાનું હૃદય પરિવર્તન શેનાથી થાય છે ?

(A) પત્નીના રુદનથી (B) પુત્રીની શહીદીથી

(C) ગાંધીજીના જેલવાસથી (D) પુત્રની શહીદીથી

30) 'પ્રાણનો મિત્ર' વાર્તા આપણને શેની માવજત માટે જાગૃત કરે છે ?

(A) તંદુરસ્તીની (B) પ્રાણીની

(C) પર્યાવરણની (D) પાણીની

31) નીચેનામાંથી કયું સમાનાર્થીનું જોડકું ઉચિત નથી ?

(A) પારિતોષિક - ઈનામ

(B) હોદ્દો - સ્થાન

(C) તાલીમ - કેળવણી

(D) પ્રતિકૃતિ - ચિત્ર

32) નીચેનામાંથી કયો શબ્દ <u>મુક્ત</u> શબ્દનો સમાનાર્થી શબ્દ છે ?

(A) ઉચ્છ

(B) આઝાદ

(C) મસ્ત

(D) ખુશ

33) 'અમાસ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.

(A) ઉજાસ

(B) પૂનમ

(C) અશાંત

(D) દિવસ

34) નીચેનામાંથી કયું વિરુદ્ધાર્થીનું જોડકું યોગ્ય નથી ?

(A) સ્મરણ × વિસ્મરણ

(B) અંત × આરંભ

(C) આઘે × ઓરે

(D) ભીનાં × લીલાં

35) કાન્તિ ઘેર આવતો ત્યારે બા તેનાં ........... લેતી.

(A) કપડાં (B) ભોજન

(C) દુઃખણાં (D) પૈસા

36) નીચેના કયા શબ્દની જોડણી ખોટી છે ?

(A) વિદ્વાન (B) પુષ્પ

(C) સ્પંદન (D) જિવન

37) નીચેનામાંથી કયો સંધિ વિગ્રહ સાચો છે ?

(A) શ્રત + ધા (B) પીત + અંબર

(C) સુર્ય + આસ્ત (D) વિદ્યા + આર્થી

38) નીચેનામાંથી દ્વિગુ સમાસ શોધો.

(A) તામ્રપત્ર (B) દંપતિ

(C) ત્રિલોક (D) કન્યાપક્ષ

39) 'મર્યાદિત સાધનોથી કામ પૂર્ણ કરવું' આ અર્થ ધરાવતી કઈ કહેવત છે ?

(A) ટીપે ટીપે સરોવર ભરાય (B) સસ્તું ભાડુંને સિદ્ધપુરની જાતરા

(C) ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો (D) ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે

40) 'હૃદયમાં ઘા પડવો' રૂઢિપ્રયોગનો અર્થ બતાવો.

(A) દુ:ખની તીવ્ર અનુભૂતિ થવી. (B) પડી જવું.

(C) હૃદય પર હથોડી વાગવી. (D) ખોટું લાગવું.

41) નીચેનામાંથી કર્મણિ વાક્ય રચના કઈ છે તે જણાવો.

(A) કંચનમાસી બોલ્યાં.

(B) જેણે હાથ વચ્ચે નામ ઘૂટ્યું હોય તે અહીં બેસે.

(C) મીરથી તો હજી સગડ મેલાતો નથી.

(D) તમે વડીલો સામે ઊંચા અવાજે ન બોલો.

42) ''અમારા ગામના શંભુપુરાણીનો ભાણેજ મુંબઈ જઈ અંગ્રેજી ભણી આવ્યો હતો.'' રેખાંકિત શબ્દના વિશેષણનો પ્રકાર ઓળખાવો.

(A) સાર્વનામિક (B) ગુણવાચક

(C) જથ્થાવાચક (D) સંખ્યાવાચક

43) નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધો.

(A) મોટું (B) ઉજ્જડ

(C) નાનું (D) ઝીણી

44) ''બરફનો ગાંગડો લાવ્યો કે ગાંગડી'' વાક્યને યોગ્ય વિરામચિહ્ન કયું લાગે ?

(A) બરફનો ગાંગડો લાવ્યો કે ગાંગડી !

(B) ''બરફનો ગાંગડો લાવ્યો કે ગાંગડી''

(C) બરફનો ગાંગડો લાવ્યો કે ગાંગડી ?

(D) બરફનો ગાંગડો લાવ્યો કે ગાંગડી.

45) કયા વિરામચિહ્નો જોડમાં જ વપરાય છે ?

(A) ઉદ્‌ગાર ચિહ્ન (B) પૂર્ણવિરામ

(C) ગુરુરેખા (D) અવતરણ ચિહ્ન

■ **નીચેનું કાવ્ય વાંચી, આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્ર. 46 અને 47)**

પછી અવસર અજવાળાનો ખેલ્યો
    અંતર મારું ઝળહળતું .....
મેં તો ડુંગર પર દીવડો મેલ્યો,
    ગગન મારું ઝળહળતું;
પછી અણદીઠો અક્ષર ઉકેલ્યો,
    ભવન મારું ઝળહળતું ....

46) કવિ ડુંગરના દીવડાનો વિનિયોગ કરીને શેની વાત કરે છે ?

(A) અંતરના ઉજાસની (B) ઘરના ઉજાસની

(C) શેરીના ઉજાસની (D) ડુંગરના ઉજાસની

47) દીવડો મૂકી અજવાળું કરવાથી શું ઉકલે છે ?

(A) ગગન (B) અજાણ્યા અક્ષરો

(C) ડુંગરા (D) ભવન

■ **નીચેનો ફકરો વાંચી, આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.(પ્ર. 48 થી 50)**

એ સાંભળી બાની આંખમાં ગરમી આવી ગઈ હતી, ''મોટો મારી ભેગો રહે છે કે હું એની ભેગી રહું છું ? બોલતાં જરાક વિચાર કર. મોટાની વહુને મોટાનાં છોકરાં મારી સેવાચાકરી કરે છે.તારે ને તારી વહુને કાંઈ કરવું નથી ને ઉપરથી મારું કામ કરે છે એને કરવાય દેવું નથી ? તું રળે છે ને બે પૈસા મોકલે છે એમાં આટલો રોફ શું મારે છે ? જા, પૈસોય મોકલતો નહિ, તારો પૈસો મારે આજથી હરામ છે.'' બા રડી પડી હતી અને રસોડામાં ચાલી ગઈ હતી.

**48)** ફકરાના આધારે નીચેનામાંથી કયું વિધાન યોગ્ય નથી ?

(A) મોટાની વહુ ને મોટાનાં છોકરાં બાની સેવાચાકરી કરે છે.

(B) કાન્તિની વહુને બાનું કાંઈ કામ કરવું નથી.

(C) બા દર મહિને પૈસા મોકલવા કહે છે.

(D) બા મોટાની ભેગી રહે છે.

**49)** કોને બાનું કામ કરવું નથી ને કામ કરે છે એને કરવા દેવું નથી ?

(A) વહુને (B) દીકરાને

(C) છોકરાંને (D) કંચનમાસીને

**50)** ''જા પૈસોય મોકલતો નહિ. તારો પૈસો મારે આજથી હરામ છે.'' આ વાક્ય કોણ બોલે છે ?

(A) મોટો દીકરો

(B) મોટાની વહુ

(C) બા

(D) કંચનમાસી

# 13(G)

**(JULY, 2018)**

**(New Course)**

## (Part - B)

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ–B માં ચાર વિભાગ છે અને પ્રશ્નોના ક્રમ 1 થી 22 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

---

**વિભાગ - A**

■ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેકના 4 ગુણ) [8]

1) સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે કુરિયને આપેલો ફાળો 'શ્વેતક્રાંતિ પ્રણેતાઓ' પાઠને આધારે વર્ણવો.

2) 'શરણાઈના સૂર' કૃતિને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.

અથવા

'ઝબક જ્યોત' પાઠના આધારે દીપકના પિતાનું હૃદય પરિવર્તન તમારા શબ્દોમાં વર્ણવો.

■ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ) [8]

3) ઘરેથી નીકળતાં ભદ્રંભદ્ર અંબારામને 'આજનો દિવસ મહોટો છે' એમ શા માટે કહે છે ?

4) પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા ?

5) બલાઈને પ્રકૃતિ સાથે કેવી લાગણી છે ?

6) 'સામગ્રી તો સમાજની છે !' પાઠ દ્વારા સિક્યોરિટી ઑફિસરે શું સમજાવ્યું ?

અથવા

'ટિફિન' લઘુકથા દ્વારા કયો ભાવ વ્યક્ત કર્યો છે ?

■ માગ્યા પ્રમાણે જવાબ લખો. (દરેકનો 1 ગુણ) **[4]**

7) 'સામગ્રી તો સમાજની છે ને !' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

8) 'સૂરજ તો બધે સરખો' પાઠના લેખકનું નામ જણાવો.

9) ''રાષ્ટ્રધ્વજે તો મોકાણ માંડી છે'' આ વાક્ય કોણ બોલે છે ?

10) 'અમથીમા' કઈ કૃતિનું પાત્ર છે ? કૃતિનું નામ લખો.

## વિભાગ - B

■ નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. **[4]**

11) 'ક્યાં રે વાગી' કાવ્યનો ભાવાર્થ સમજાવો.

અથવા

'જીવન અંજલિ થાજો' કાવ્યના શીર્ષકની યથાર્થતા સિદ્ધ કરો.

■ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ) [6]

12) 'દીવાનખાનામાં' કાવ્યના અંતે નાયિકા કેવો મનોભાવ અનુભવે છે ?

13) ધન, સત્તા, કીર્તિનું કામ નથી એમ કવિ શા માટે કહે છે ?

14) દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?

અથવા

'પૂર્ણ ઘડા' દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

■ માગ્યા પ્રમાણે જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [5]

15) 'સૉનેટ' કાવ્ય પ્રકારમાં કુલ કેટલી કાવ્ય પંક્તિ હોય છે ?

16) મીરાંબાઈની કઈ કૃતિ તમારા અભ્યાસક્રમમાં છે ?

17) 'તે બેસે અહીં' કાવ્ય કવિના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

18) કવિ કરસનદાસ માણેકનું ઉપનામ શું છે ?

19) ''આ બધામાં મને ક્યાં ગોઠવું ?'' પંક્તિ કયા કાવ્યની છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[4]**

20) વિકલાંગ માણસ જગતને ભારરૂપ છે એવી લાગણી અર્થહીન છે. ભારરૂપ જોવા જઈએ તો અસંખ્ય માણસો જડશે જે કેવળ પરોપજીવી જ નહિ, સમાજદ્રોહી પણ હોય છે. અપંગ વ્યક્તિમાં નિષ્ઠા અને સંકલ્પશક્તિ હોય અને તેને યોગ્ય દોરવણી મળે તો સતત પુરુષાર્થ વડે તે સમાજની ઉત્તમ સેવા કરી શકે. અપંગની સેવા દ્વારા આપણાં ઘણા સામાજિક ગુણો વિકસે છે. માનવતાની, સામાજિક જીવનની આ કેળવણી તત્ત્વતઃ ધાર્મિક કેળવણી છે. આના સંસ્કાર ધાર્મિક ગ્રંથિઓ અને અન્ય પૂર્વગ્રહોને ઓગાળે છે. માનવતાના અભ્યાસથી આપણે વધારે સારા દેશજન થઈ શકીશું. વધારે સારા હિંદુ કે મુસલમાન થઈ શકીશું. બલકે વિશ્વમાનવ કે પરમ પિતાનાં સાચાં સંતાન થઈ શકીશું. જે બીજાનાં દુઃખો જોતો નથી, જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટગ્રસ્તોની મદદે દોડી જતો નથી, તે જ અપંગ છે.

અથવા

■ **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં વિચાર-વિસ્તાર કરો.**

ન રાખ આશ કદી કોઈ પાસ,
કરી શકે કોણ પછી નિરાશ ?

21) 'રક્તદાનશિબિર' અંગે આશરે એકસો (100) શબ્દોમાં અહેવાલ લખો. **[4]**

અથવા

આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને યોગ્ય શીર્ષક આપો.

મુદ્દા : ધોબી અને ધોબણનું નદી કિનારે કપડાં ધોવા જવું – સાંજનો સમય – અંધારું ઘેરાવું – અચાનક ગોળીબાર – ધોબીનું મરણ – બીજા દિવસે ધોબણનું દરબારમાં આવવું – જહાંગીર બાદશાહ પાસે ન્યાયની માગણી – ગોળી છોડનારની તપાસ – બેગમ નૂરજહાં જ ગુનેગાર – ધોબણને બાદશાહનો ન્યાય : '' તું બેગમ નૂરજહાંને વિધવા બનાવ'' – પરિણામ.

## વિભાગ - D

**22)** ગમે તે એક વિષય પર આપેલ મુદ્દાઓ આધારિત આશરે (250) શબ્દોમાં નિબંધ લખો. **[7]**

1. પ્રદૂષણ – એક સાર્વત્રિક સમસ્યા

   મુદ્દા : પ્રસ્તાવના – ઔદ્યોગિક ક્રાંતિની અસરો – વસ્તી વિસ્ફોટની અસરો – અણુશસ્ત્રોના અખતરાની અસરો – પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો – ઉપસંહાર.

2. જો હું વડાપ્રધાન હોઉં તો ........

   મુદ્દા : પ્રસ્તાવના – દેશની આજની સ્થિતિ – પ્રધાનમંત્રીના ગુણ – પ્રધાનમંત્રી તરીકેની કામગીરી – ઉપસંહાર.

3. મારો યાદગાર પ્રવાસ

   મુદ્દા : પ્રસ્તાવના – પ્રવાસની મુસાફરીનું વર્ણન – પ્રવાસના સ્થળનું વર્ણન – ખાસિયત – પ્રવાસથી થતાં લાભો – ઉપસંહાર.